**વી. એસ. ગણેશવાલા** **સુરત મહાનગરપાલિકા**

**કાર્યપાલક ઈજનેર** **સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૯૧૮૬
તારીખ :૧૬/૦૨/૨૦૨૬

**ભાવપત્રક**

**પ્રતિ,**

**વિષયઃ–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ મારૂતીનગર શાળા નં. ૨૨૫, ૨૨૬, ૧૧૯, ૩૨૩ ના હયાત મકાન ઉતારી પાડી કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાનું કામ.

**સંદર્ભઃ–**(૧) માસિક સાધારણ સભા ઠ.નં.૧૦/૨૦૨૬, તા.૩૦/૦૧/૨૦૨૬ ની મંજુરી.
(૨) મા.ડે.કમિશ્નરશ્રીની તા. ૦૭/૦૨/૨૦૨૬ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ મારૂતીનગર શાળા નં. ૨૨૫, ૨૨૬, ૧૧૯, ૩૨૩ ના હયાત મકાન ઉતારી પાડી કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાના કામે તમામ પ્રકારની સલામતી અને સેફટી સહિત કમ્પલીટ જોબની કામગીરી કરવા રસ ધરાવતા હોય તો આ સાથે સામેલ ભાવપત્રકમાં આપની ઓફર સહી સિકકા સાથે રૂા.૧૦,૦૦૦/– ની બાનાની રકમ સહિત આપનું ભાવપત્રક **તા.૦૨/૦૩/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને સીલબંધ કવરમાં પહોંચતું કરવા ઘટતું કરશો.

વધુમાં સીલબંધ કવર ઉપર કામનું નામ અને ભાવપત્રક/કવોટેશન સુવાચ્ય અક્ષરોમાં ફરજીયાત લખવાનું રહેશે.

**શરતો :–**

૧. હયાત ઈમારત જયાં જે હાલમાં છે તે હાલતમાં ત્યાંથી ફાઉન્ડેશન/ફુટીંગ ગ્રીલ સહિત તોડી પાડી જગ્યા હયાત રસ્તા લેવલે સમતલ કરી માલસામન લઈ જવાની શરતે આપવામાં આવે છે.

૨. સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી.

૩. કોઈપણ ભાવપત્રક સ્વીકારવાનું અને કોઈપણ અથવા બધા ભાવપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

૪. ઈજારદારએ ભાવપત્રક સાથે જરૂરી એવી બાનાની રકમ રૂા.૧૦,૦૦૦/– ભાવપત્રક સાથે કમિશ્નરશ્રીના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર થી અચુક જમા કરાવવાનો રહેશે.

૫. અન્ય રીતે ભરવામાં આવેલ બાનાની રકમ સાથેના અને બાનાની રકમ ભર્યા સિવાયના ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે.

૬. ઈજારદારએ તોડવા માટેના ઈમારતનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાળમાં આવતી જુદી જુદી આઈટમોનો જથ્થો ગુણવતા તથા અન્ય બીજી બાબતોની જાણ અનુભવ કર્યા પછી ભાવપત્રક ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

૭. ઈજારદારનું ભાવપત્રક સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઈજારદારે ભાવપત્રકમાં જણાવેલ ઓફરના નાણાં અત્રેની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબ ખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ હયાત ઈમારત તોડફોડ કરવાનો(ઉતારવાનો) હુકમ આપવામાં આવશે.

૮. ભાવપત્રક માં જણાવેલ પુરે પુરી કિંમત વર્કઓર્ડર મળ્યેથી દિન ૧૫(પંદર) માં જમા ન કરાવવામાં આવશે તો ઈજારદારનું ભાવપત્રક આપોઆપ રદબાતલ ગણી લેવામાં આવશે અને ભરેલ બાનાની રકમ જપ્ત કરી લેવામાં આવશે. રકમ અત્રેની તિજોરીમાં જમા થયા બાદ જ મકાન ઉતારવાની કાર્યવાહી કરવાની રહેશે.

૯. હયાત ઈમારત ઉતારતી વખતે આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને, મિલકતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની ઈજારદારે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં.

૧૦. હયાત ઈમારતને તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફસફાઈ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે.

૧૧. જરૂરી એવા જકાતવેરા,વેચાણવેરા તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય/કેન્દ્રીય સરકારના તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર નથી.

૧૨. હયાત ઈમારતને તોડતા કે ઉતારતા માણસોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ /વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે.

૧૩. હયાત ઈમારતને તોડતા પહેલા સંપૂર્ણ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી સુરક્ષા પ્રસાધનો, એરીયા બેરીકેડીંગ વિગેરે પુરા પાડવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧૪. ઈજારદારે આ ઈમારત તોડવાનો વર્કઓર્ડર મળ્યેથી ૬૦ દિવસમાં કામ પુરૂ કરવાનું રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર ચુક કરશે તો તેની ઉપર મંજુર ઓફર રકમના ૦.૨% પ્રતિદિન લેખે વધુમાં વધુ ૧૦ % લેખે ચાર્જ લઈ ઈજારદારના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવામાં આવશે.

૧૫. હયાત ઈમારત તોડવા અંગેની સાઈટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઈ સુવિધાઓ કે જરૂરીયાતની વ્યવસ્થા ઈજારદારે પોતે કરવાની રહેશે.

૧૬. ભાવપત્રકમાં ભાવ/રકમ આંકડામાં અને શબ્દમાં ભરવાની રહેશે.

૧૭. ઈજારદાર આ ભાવપત્રક ની શરતમાં કોઈ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઈપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહિં કે તેમ કરવા મહાનગરપાલિકાને ફરજ પાડી શકાશે નહિ. આવી શરતો મહાનગરપાલિકાને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહિ.

૧૮. ભાવપત્રકમાં ભરેલા ભાવપત્રક/રકમ સ્વીકારવા માટે ભાવપત્રક ખુલ્યાની તારીખથી ૧૨૦(એકસોવીસ) દિવસ સુધી વેલીડીટી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમયમર્યાદા સુધીમાં ભાવપત્રક ભરનાર ઈજારદાર પોતાના ભાવપત્રકમાં કોઈપણ જાતનો સુધારો વધારો કરી શકશે નહી.

૧૯. ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમાં વ્યાજ આપવામાં આવશે નહિં.

૨૦. ઈજારદારે મિલકત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફસફાઈ ચોખ્ખી કરી,જમીનના હયાત રસ્તાના લેવલે સમતલ કરે ત્યારબાદ જ મિલકતમાંથી ઉતારેલ માલસામાન લઈ જવા દેવામાં આવશે.

૨૧. ભાવપત્રક મંજુર થયેથી વર્કઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ)માં મંજુર ટેન્ડર રકમના ૨% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ ફકત રોકડા/ઉપાડ ડ્રાફટથી જમા કરાવવાના રહેશે.

૨૨. મિલ્કત ઉતારવા માટે ઉપર જણાવ્યા મુજબની શરતો અર્થઘટન બાબતના કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી તેમજ બંધનકર્તા રહેશે.

**બિડાણ:**– ભાવપત્રક

**Sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગર પાલિકા
## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
## <u>ભાવપત્રક</u>

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ મારૂતીનગર શાળા નં. ૨૨૫, ૨૨૬, ૧૧૯, ૩૨૩ ના હયાત મકાન ઉતારી પાડી કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાનું કામ.

| કામનું નામ | ઓફર રકમ રૂા.(GST સિવાય) | |
|---|---|---|
| | રૂા. (આંકડામાં) | રૂા. (શબ્દમાં) |
| સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ મારૂતીનગર શાળા નં. ૨૨૫, ૨૨૬, ૧૧૯, ૩૨૩ ના હયાત મકાન ઉતારી પાડી કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાનું કામ. | | |

**નોંધઃ–** સુરત મહાનગરપાલિકાના GST સેલના અભિપ્રાયને આધિન જો સદર કામે GST લાગુ પડતો હોય તો GST સેલના અભિપ્રાયને આધિન GST ની રકમ ઓફર રકમ સિવાય અલગથી ચુકવવાની રહેશે.

ઈજારદારનું નામ :–
ઈજારદારની સહી અને સિકકો :–

**Sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**




Latitude longitude
21.175718553609364, 72.8557894843357

સુરત મહાનગરપાલિકાની તા.૩૦–૦૧–૨૦૨૬ ના રોજ મળેલ

માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૬/૨૦૨૬ થી ભલામણ કર્યા મુજબ, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ મારૂતીનગર શાળા નં.૨૨૫, ૨૨૬, ૧૧૯, ૩૨૩ ના હયાત મકાનની સ્ક્રેપ વેલ્યુ રૂા.૮,૬૪,૨૧૯/– મંજુર કરવામાં આવે છે.

**ઠરાવ નં.૧૦/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા. મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૩૧–૦૧–૨૦૨૬.

**Received On**
Dt. 31/1/26

MRP

નં. સી.સા.સ./ક/ 961
તા. 2/2/2026

EX. ENG. (RAC) W/OS
OS 2/2/26

આર.એ.સી./ર/ક/ 2601
તા. 02/02/26

Z. C. (SEZ)

DE શ્રી રાઠોડ
તાકીદે આગળ કાર્યવાહી કરશો

DE (A)(B)(C)(D)(E)(F)/DE.Ele./PO/PA/ARO/Dv
3/2/26
Executive Engineer

ઈનવર્ડ 20492
તારીખ 03/02/2026
સા. ઈ ઝોન (લિંબાયત)

Xenshri

03/02/26
DMC

A.E. Shri N.S. Pawar

3/2